

# નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાનું અસલી રહસ્ય શું છે ?

ગુજરાત એક શક્તિશાળી રાજ્ય છે અને વર્ષોથી ગુજરાતને એક શક્તિશાળી નેતાની તલાશ હતી. આઝાદી પછી અનેક નેતાઓ આવ્યા, પરંતુ ગુજરાતની એ કમનસીબી રહી કે ગાંધીજી અને સરદાર પછીના સમયમાં ગુજરાતના નેતાઓ દિલ્હીને જ અનુસરતા રહ્યા, પછી તે કૉંગ્રેસ હોય કે ભાજપા. પ્રધાનમંડળનું વિસ્તરણ કરવું હોય તો પણ દિલ્હીને પૂછવું પડે. પ્રદેશ પ્રમુખની નિમણૂક કરવી હોય તો પણ દિલ્હીને પૂછવું પડે. આ તમામ પ્રણાલીઓ નરેન્દ્ર મોદીએ બદલી નાંખી. ગુજરાતને પોતીકો નેતા મળ્યો. ગુજરાતે દિલ્હીને નહીં પરંતુ દિલ્હીએ ગુજરાતને પૂછવું પડે તેવી



પરિસ્થિતિ નરેન્દ્રભાઈએ ઊભી કરી દીધી. દિલ્હીને પાર્ટી ચલાવવા ફંડ જોઈતું હોય કે ચૂંટણીઓ જીતવા પ્રખર વક્તા જોઈતો હોય તો તે પણ નરેન્દ્રભાઈએ જ પૂરું પાડ્યું. અટલ બિહારી વાજપેયી પછી લાખોની માનવ મેદનીને મંત્રમુગ્ધ કરી શકવાની તાકાત નરેન્દ્ર મોદી સિવાય ભાજપાના કે કૉંગ્રેસના એક પણ નેતા પાસે નથી.

કહેવાય છે કે જેની સહુથી વધી ટીકા થાય છે તે જ સહુથી વધુ શક્તિશાળી છે અને ખલનાયકોએ જ વિશ્વમાં નાયક પેદા કર્યા છે. રાવણ ના હોત તો રામનું કોઈ મહત્ત્વ ના હોત. કંસ ના હોત તો કૃષ્ણનું કોઈ મહત્ત્વ ના રહેત. કૌરવો ના હોત તો પાંડવોનું કોઈ મહત્ત્વ ના હોત. અંગ્રેજો ના હોત તો ગાંધીજીનું કોઈ મહત્ત્વ ના રહેત. નરેન્દ્ર મોદીને પણ અનેક ખલનાયકો, રાજકીય દુશ્મનો તથા મીડિયાના ટીકાકારોએ જ એક મહત્ત્વપૂર્ણ પ્રતિભા બનાવી દીધા છે. ખાસ કરીને કોન્વેન્ટમાં ભણીને આવેલા અંગ્રેજી મીડિયાના પત્રકારોએ વિશ્વમાં ઉપલબ્ધ હોય તે તમામ લખી કે બોલી શકાય તેટલી ગાળો નરેન્દ્રભાઈને આપી છે અને તેટલું જ મોદીનું વ્યક્તિત્વ ખીલી ઊઠ્યું છે. વક્રતા એ છે કે આ જ અંગ્રેજી મીડિયા આડકતરી રીતે મોદીને પ્રાઈમ મિનિસ્ટર ઈન વેઈટિંગ તરીકે પ્રોજેક્ટ કરે છે. મોદીએ પોતે તો ભાવિ વડાપ્રધાન હોવાનો દાવો કર્યો નથી પરંતુ મીડિયા એમ કહીને છેવટે તો મોદીની વાસ્તવિક તાકાતનો સ્વીકાર જ કરી રહ્યું છે.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે તમને એ ગમે કે ના ગમે તમારે એમની નોંધ લેવી જ પડે, અને મોદી તે પૈકીના એક છે. ઘણીવાર નરેન્દ્રભાઈ રમૂજમાં કહે છે કે, ‘ચાલો, મારા લીધે કેટલાક (મીડિયાવાળાઓ)ની રોજી-રોટી તો ચાલે છે ? અર્થાત્ મોદી વિષે વિવાદ ના હોય તો બિચારા લખે કોની ઉપર ? એક જમાનામાં પંડિત જવાહરલાલ નહેરુ પર સહુથી વધુ કાર્ટૂન દોરાતાં હતાં. લાગે છે કે તેમના પછી સહુથી વધુ લેખો અને કાર્ટૂન્સ આવ્યાં હોય તો તે નરેન્દ્ર મોદી જ છે.

મને બરાબર યાદ છે કે નરેન્દ્રભાઈ પહેલાંથી જ મીડિયાસેવી છે. મુખ્યમંત્રી બન્યા પછી ઘણાને તે બદલાઈ ગયેલા લાગે છે. હા, એક વાતમાં તેઓ બીજા મુખ્યમંત્રીઓ કરતાં જુદા છે અને તે એ છે કે પહેલાં મીડિયાવાળા સી.એમ. સાથેની પત્રકાર પરિષદ પૂરી થયા બાદ કોઈ ને કોઈ કામની ચિઠ્ઠી મુખ્યમંત્રીઓને પકડાવી દેતા હતા. આજે કોઈ પત્રકાર તેમ

કરવાની હિંમત કરી શકતો નથી. એક વાર નરેન્દ્રભાઈએ મને કહ્યું હતું : ‘‘જુઓ, મેં મુખ્યમંત્રીની ખુરશીની ગરિમા ફરી પ્રસ્થાપિત કરી છે.’’ તેમણે જે રેફરન્સમાં કહ્યું હતું તે સાચું જ હતું. પરંતુ આને કોઈ એમ કહે કે નરેન્દ્રભાઈ મીડિયાસેવી નથી તો એ વાત ખોટી છે. મારો અનુભવ છે કે, નાનામાં નાનો પત્રકાર પણ સી.એમ. બંગલે ફોન કરે તો નરેન્દ્રભાઈ મોડી રાતે પણ તેની સાથે સામેથી ફોન કરીને વાત અવશ્ય કરે છે. શાયદ સહુથી વધુ પત્રકારોને તેઓ વ્યક્તિગત રીતે ઓળખે છે, અને આ નાતો તેઓ ભાજપાના પ્રદેશ મહામંત્રી હતા ત્યારથી બંધાયેલો છે. મને યાદ છે કે કેટલાક વર્ષો પહેલાં મારે નરેન્દ્રભાઈનું કાંઈક કામ હતું. મેં તેમને કહ્યું કે, ‘‘નરેન્દ્રભાઈ, મારે મળવું છે.’’ તો તેમણે ફોન પર જ મને કહ્યું કે : ‘‘દેવેન્દ્રભાઈ, હું તમારા ઘેર આવું છું.’’ — હવે આજે હું તેવી અપેક્ષા રાખું તો એ મારી મૂર્ખામી ગણાય. તેમનું પદ, ગરિમા અને વ્યસ્તતાને નજરઅંદાજ કરી શકાય નહીં.

મીડિયાને તેમની નોંધ લેવી હંમેશા ગમે છે. તેનું એક કારણ તેમનું બાહરી વ્યક્તિત્વ પણ છે. એક તો તેઓ ફિઝિકલી ફીટ છે. સારું શરીરસૌષ્ઠવ ધરાવે છે. આંખોમાં ગુરુર છે, તેજસ્વી કપાળ છે. તેમની ઉંમર પ્રમાણે શ્વેત દાઢીમાં તેઓ ગૌરવપૂર્ણ લાગે છે અને સહુથી વધુ અગત્યની વાત એ છે કે તેઓ વેલ ડ્રેસ્ડ છે. મેં ઘણા રાજકારણીઓને લઘરવઘર વસ્ત્રોમાં જોયા છે. આજના સમય પ્રમાણે ડ્રેસ સેન્સ હોવી જરૂરી છે. તમને કેવાં વસ્ત્રો શોભે છે અને ક્યારે શું પહેરવું તેની સમજ હોવી જરૂરી છે. ખુદ ગાંધીજીએ પાછલી ઉંમરમાં ધોતી ને ઝભ્ભો અને ઉપર બંડી પહેર્યાં હોત તો તેઓ જરાયે શોભત નહીં. તેમના સુકલકડી દેહ પર વિંટાળેલું એક વસ્ત્ર જ શોભતું હતું. ઘણીવાર તો તેઓ ઉપરનો દેહ ખુલ્લા રાખતો. ૪૦ ડિગ્રી ગરમીમાં પણ સૂટ પહેરતા અંગ્રેજોની સામે લડવા માટે તેમણે એક પોતડી જ પસંદ કરી તે પણ એક પ્રકારની ભાવનાત્મક લડત હતી. જવાહરલાલ નહેરુ રૂપાળા હતા છતાં તેઓ બંધ ગળાનો કોટ અને સૂરવાલ પહેરતા. માથા પર શ્વેત ટોપી અને કોટ પર ગુલાબ તેમને ખૂબ શોભતાં હતાં. સરદાર સાહેબ જાડી ખાદીની ધોતી અને સાદા ઝભ્ભામાં જ સરસ લાગતા હતા. મોરારજી દેસાઈ પણ સુંદર વસ્ત્રો પહેરતા હતા. તેમને ચશ્માનો શોખ હતો. ઇન્દિરા ગાંધી પણ તેમના વસ્ત્રપરિધાન અંગે ખૂબ સભાન હતાં. તેઓ ખાદીની પણ સૌમ્ય કલરવાળી સાડી પહેરતાં. ગુજરાત આવે તો ગુજરાતી ઢબે સાડી પહેરતાં. મહારાષ્ટ્ર જાય



તો મહારાષ્ટ્રીય શૈલીની સાડી પહેરતાં. તેમના માથામાં એક જ સફેદ લટ દેખાય તેનો ખ્યાલ રાખતાં હતાં.

નરેન્દ્ર મોદી પણ એક સ્ટાઈલીશ પોલિટિશિયન છે. તેમને તમામ પ્રકારનાં વસ્ત્રો શોભે છે. પછી તેઓ અડધી બાંયનો ઝભ્ભો પહેરે કે કોટી પહેરે, સૂટ પહેરે, કાળાં ગોગલ્સ પહેરે કે હેટ પહેરે — તે તમામ તેમને શૂટ થાય છે. તેમના વસ્ત્રપરિધાન અંગે ચોખલિયાઓને જે કહેવું હોય તે કહે પરંતુ આમજનતાને તો તેમનું ભિન્ન ભિન્ન વસ્ત્રપરિધાન ગમે છે.

એક વાર મેં ક્યાંક લખ્યું હતું કે, ઘણી પરિણીત સ્ત્રીઓ પણ નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વથી મંત્રમુગ્ધ છે. ત્યારે એક યુવતીનો મારા પર ફોન આવ્યો : "દેવેન્દ્રભાઈ, તમારા વિધાન સામે મારો વિરોધ છે."

મેં પૂછ્યું : "કઈ બાબતનો વિરોધ છે ?"

તો એ યુવતીએ મને ફોન પર જ કહ્યું : "મારા જેવી કુંવારી છોકરીઓ પણ નરેન્દ્ર મોદીને ચાહે છે તેમ લખો."

— એ યુવતીની વાત સાંભળ્યા બાદ મને પણ થોડીવાર નરેન્દ્રભાઈ માટે ઈર્ષા થઈ આવી હતી. અને આ વાત મેં એક જાહેર ફંક્શનમાં કહી પણ ખરી.

ચાલો, આ તો તેમના વિષેની હળવી વાત થઈ. મેં જોયું છે કે ગુજરાતના બાળકો પણ મોદીને ચાહે છે. તેમને જોઈને બાળકો ખુશખુશાલ થઈ જાય છે. એક દિવસ સ્કૂલમાં ભણતી મારી પૌત્રી અનુષ્કાએ મને કહ્યું : "દાદાજી, તમે નરેન્દ્ર મોદીને મળવા જવાના છો ?"

મેં કહ્યું : "હા."

અનુષ્કાએ ખૂબ રાજી થઈ જતાં મને કહ્યું : "તો મને પણ સાથે લઈ જજોને !"

મેં આ વાત નરેન્દ્રભાઈને કહી. તેમણે હજી સુધી અમારી નાનકડી દીકરી અનુષ્કા માટે સમય ફાળવ્યો નથી. પણ તેથી મને નારાજ થવાનો કોઈ અધિકાર નથી. મેં જ્યારે પણ ફોન કર્યો છે ત્યારે નરેન્દ્રભાઈએ ખૂબ પ્રેમથી મારી સાથે વાત કરી જ છે. એક વખત ભરત દવે નામનો એક ઠગ મારા નામે પોલીસ અધિકારીઓને ફોન કરી આડાઅવળાં કામો કરાવતો હતો. આ વાત મારા ધ્યાન પર આવતાં જ મેં મુખ્યમંત્રીને ફોન કરી જાણ કરી. નરેન્દ્રભાઈએ એક અધિકારીને મારા ઘેર મોકલી મારી ફરિયાદ મંગાવી લીધી અને પોલીસ કમિશનરને ફોન કરી એ ઠગને પકડી જેલમાં મોકલી આપ્યો હતો. આવા મુખ્યમંત્રીને

મીડિયાસેવી નથી એમ કેમ કહી શકાય ? માત્ર મીડિયા સાથે જ નહીં પરંતુ પક્ષના નાનામાં નાના કાર્યકર સાથે પણ તેઓ લાગણીનો સંબંધ રાખે છે એ તેમનું ભીતરી વ્યક્તિત્વ છે.

મને યાદ છે કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ કોઈ નાની અમથી વાત સાંભળતાં સાંભળતાં જ રડી પડતા હતા. નરેન્દ્ર મોદીનું વ્યક્તિત્વ એથી ઊલટું છે. એક રાજપુરુષને જાહેરમાં છાજે તેવું વર્તન કરવું જરૂરી છે અને તે વાત નરેન્દ્રભાઈ બરાબર જાણે છે. મોદીનો બહારથી લાગતો સખત ચહેરો જ આમ આદમીને ગમે છે. મોદીના ચાહકોને ખાસ કરીને મહિલાઓને તેમાં 'હી-મેન'નાં દર્શન થાય છે.

સામાન્ય પ્રજાને બાયલા, માંયકાંગલા અને ડરપોક નેતાઓ ગમતા નથી. મોદીથી તેમના પક્ષના પ્રમુખથી માંડીને પ્રધાનમંડળના સભ્યો પણ ફફડે છે એ જ લોકોને ગમે છે. અધિકારીઓ પણ ધ્રૂજતા ધ્રૂજતા મોદી પાસે જાય છે. લોકોને આ ગમે છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ વખતે રતન તાતાથી માંડીને અનિલ અંબાણીને મોદીમાં ભાવિ વડાપ્રધાન દેખાય છે. તેમાં મોદીનો શું વાંક ? ખુદ ધીરુભાઈ અંબાણીએ જ કહ્યું હતું કે "મોદી એક લાંબી રેસનો ઘોડો છે." અર્થાત આજના ઉદ્યોગપતિઓ પણ ભીતરથી માને છે કે કાલે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બની જશે તો અત્યારથી એમની જ પ્રશંસા કરવી સારી. તેમની વાત સાચી પણ છે. એનડીએની સરકાર બનવાની હોય તો કોણ વડાપ્રધાન બનશે તેની ખબર નથી પરંતુ એક સત્ય તો છે જ કે ભાજપા પાસે આજે નરેન્દ્ર મોદીની કક્ષાનો કોઈ નેતા જ નથી.

ગુજરાત મીડિયા ક્લબના ફંક્શનમાં કાર્યક્રમનું સંચાલન કરી રહેલા એક અંગ્રેજી અખબારનાં મહિલા પત્રકારે કહ્યું હતું : "આજે મારા અખબારમાં નરેન્દ્ર મોદીની છપાયેલી તસવીર જોઈ મારી દીકરીએ મને પૂછ્યું : 'મમ્મી, પ્રાઈમ મિનિસ્ટર મોદીની તસવીર કેમ છાપી છે ?'"

મોદી ભવિષ્યમાં વડાપ્રધાન બને કે ના બને પણ નાનકડાં બાળકો પણ તેમને પ્રાઈમ મિનિસ્ટર જ સમજે છે. નાનાં બાળકો પરનો આ જાદુ જવાહરલાલ નહેરુ પછી પ્રથમ વાર જ નરેન્દ્ર મોદીમાં જોવા મળે છે.

માત્ર બાળકો જ નહીં પરંતુ બૉલિવૂડના એક્ટર્સ પણ તેમના ફેન છે. અમિતાભ બચ્ચનથી માંડીને પ્રીતિ ઝિન્ટા પણ મોદીના




વ્યક્તિત્વના ચાહક છે. ઘણીવાર અમિતાભ પોલિટિશિયન અને મોદી એક્ટર જેવા વધુ લાગે છે.

મોદીની સફળતાનું મોટામાં મોટું રહસ્ય તેમની વાક્છટા છે. એક અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે કે "વક્તાઓ જ મોટા નેતા છે." પ્રેસિડન્ટ બરાક ઓબામા વિશ્વના પ્રખર વક્તા છે અને તેમની વક્તૃત્વકળાના કારણે જ તેઓ પ્રેસિડન્ટ થઈ શક્યા છે. નરેન્દ્ર મોદી પણ પ્રખર વક્તા છે. તેમની પાસે તર્ક છે, દલીલો છે, શબ્દોને રમાડવાની આવડત છે. પ્રજાને ભાવવિભોર બનાવી લોકોને પ્રવચનમાં ભાગીદાર બનાવતાં પણ આવડે છે. એક સિંહગર્જના કરતા હોય અને બીજા તેમાં સૂર પુરાવતા હોય તેવાં દશ્યો અને ધ્વનિ મોદીની સભાઓમાં જોવા મળે છે. વકતૃત્વ કળાના કૌશલે પણ મોદીને લોકપ્રિય બનાવવામાં ઘણી મદદ કરી છે. પરંતુ માત્ર પ્રવચનો જ એ સફળતાનો પર્યાય નથી. પ્રવચનો પછી કામ પણ કરવું પડે છે. મોદીએ ગુજરાતમાં સુંદર અને કાર્યક્ષમ વહીવટ દ્વારા દેશનું પ્રથમ નંબરનું રાજ્ય બનાવી દીધું છે. રતન તાતાને ગુજરાતમાં લાવી નરેન્દ્ર મોદીએ બીજા ઉદ્યોગપતિઓ માટે પણ ગુજરાતનું આકર્ષણ વધાર્યું છે. સુજલામ્ સુફલામ્ કેનાલ દ્વારા ઉત્તર ગુજરાતના લાખો ખેડૂતોને ખુશ કરી દીધા છે. ચોવીસ કલાક વીજળી આપીને ગુજરાતનાં ૧૮ હજાર ગામડાંઓને ઝળાંહળાં કર્યાં છે. સુંદર રોડ અને રસ્તાઓ દ્વારા બહારથી આવતા મહેમાનોને પણ પ્રભાવિત કર્યાં છે. સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનો ગુજરાત ટૂરિઝમ માટે ઉપયોગ કરી ગીર, કચ્છ અને સોમનાથનું મહત્ત્વ વધાર્યું છે. કોમી તોફાનોને કડક રીતે ડામી દઈ ગુજરાતની પ્રજાને છાશવારે થતી ખંજરબાજીથી બચાવી છે. રાજ્યનાં બંદરોનો વિકાસ કરી ગુજરાતના દરિયાને ફરીથી ધમધમતો કર્યો છે. આખા ગુજરાતને ઔદ્યોગિક વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ કરી દીધું છે. કાંકરિયાની રોનક મોદીએ બદલી છે, કોર્પોરેટરોએ નહીં.

ગુજરાતને મોદી ગમે છે તેનું આ જ રહસ્ય છે. માત્ર ગુજરાતમાં જ નહીં પણ ગુજરાતની બહાર આમજનતામાં પણ નરેન્દ્ર મોદી લોકપ્રિય છે. રાજસ્થાન, હરિયાણા કે હિમાચલ પ્રદેશમાં હું જ્યાં પણ ગયો છું અને એ રાજ્યના લોકોને ખબર પડે કે હું ગુજરાતમાંથી આવું છું તો તરત જ તેઓ બોલી ઊઠે છે "ગુજરાતસે આતે હો ? આપ કો તો મોદી જૈસા અચ્છા લીડર મિલા હૈ, હમેં ભી એક મોદી કી જરૂરત હૈ."

*

**પ્રાપ્તિસ્થાન**

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ
અમદાવાદ : ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩

૨૦૨, પૅલિકન હાઉસ
આશ્રમ રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫

**E-mail : info@navbharatonline.com**
**Web : www.navbharatonline.com**